દાદા ભગવાન પરિવારનું

માર્ચ ૨૦૨૪

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

અક્રમ એક્સપ્રેસ

અક્રમ એક્સપ્રેસ

ચૉઈસ

વર્ષ : ૧૬, અંક : ૦૭
સળંગ અંક : ૧૮૭
માર્ચ ૨૦૨૪

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Owned by and Published from
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist - Gandhinagar

Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhtral-Pratappura Road,
At-Chhatral, Tal. Kalol
Dist. Gandhinagar – 382729.

© 2024, Dada Bhagwan Foundation
All Rights Reserved

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

સંપાદકીય

બાળમિત્રો,

એક્ઝામમાં અઘરો પ્રશ્ન આવે ત્યારે આપણે શું કરીએ છીએ ? પ્રશ્ન તો આપણાથી બદલી ના શકાય. પણ એ વખતે ગભરાઈ જવું અથવા શાંત રહીને જેટલો જવાબ આવડે છે તેટલો લખવો, એ તો આપણી ચૉઈસ છે ને ? જેમ એક્ઝામમાં અઘરો પ્રશ્ન આવી જાય, તેમ લાઈફમાં પણ ક્યારેક નાના-મોટા પ્રૉબ્લેમ્સ આવી જાય છે.

દિયાની લાઈફમાં પ્રૉબ્લેમ આવ્યો ત્યારે એણે શું કર્યું ? ઝોઈ કોની વાત વાંચીને બીમારીમાં પણ હેપ્પી થઈ ગઈ ? પ્રૉબ્લેમ આવ્યો ત્યારે ગ્રીનલૅન્ડના ઍનિમલ્સ શું ભાગી ગયા ?

ચાલો, આ અંકમાં જ્ઞાનીની સમજણ અને એને ટેકો આપતી વાર્તાઓ વાંચીને, જીવનમાં આવતા નાના-મોટા પ્રૉબ્લેમ્સમાં સાચી ચૉઈસ કરતા શીખીએ.

અને હા, તમને બધાને તમારી એક્ઝામ માટે 'ઑલ ધ બેસ્ટ'. આલુ-ચીલીની એક્ઝામ ટિપ્સ વાંચવાનું ભૂલતા નહીં, હં...

- ડિમ્પલ મહેતા

જ્ઞાનીઓ કહે છે...

પ્રશ્નકર્તા : આપ ઘણી બધીવાર કહો છો કે, દાદા સાથે સામાન્ય માણસ જેવા જ પ્રસંગો બનતા હતા. પણ તેઓ તેમાં જુદું જ રિએક્ટ કરતા હતા. તો શું એ એમની ચૉઈસ હતી ?

પૂજ્યશ્રી : દાદાની ચૉઈસ બધાથી જુદું રિએક્ટ કરવું એ નહોતી. દરેક પરિસ્થિતિમાં દુઃખોથી મુક્ત રહેવું એ એમની ચૉઈસ હતી. દુઃખી થવું કે આનંદમાં રહેવું એ આપણી ચૉઈસ કહેવાય. એના માટે સાચી સમજણ જોઈએ. પ્રસંગ તો એનો એ જ હોય, પણ અણસમજણથી માણસ દુઃખી રહે છે અને સાચી સમજણથી આનંદમાં રહી શકે. દાદા દરેક પરિસ્થિતિમાં સાચી સમજણથી સૉલ્યુશન લાવી નાખતા હતા.

દાદાનો ધ્યેય હતો કે મારે પરવશતાથી જીવવું નથી. દુઃખી થઈને જીવવું નથી. ગમે તેવી પરિસ્થિતિમાં સૉલ્યુશન લાવીને મારે આનંદમાં રહેવું છે.

આપણે પણ એ સમજવાનું કે, કોઈ ખરાબ પરિસ્થિતિ આવે તો ડિસ્ટર્બ નથી થવું. એડજસ્ટમેન્ટ લેવું છે અને સૉલ્યુશન લાવવું છે. એના માટે પૉસિબલ સૉલ્યુશન ટ્રાય કરો અને સૉલ્વ કરો.

ઍક્સિડન્ટ થયો હોય તો કોઈને ફોન કરો, કોઈને બોલાવો, હેલ્પ લો અને ટ્રિટમેન્ટ કરાવો પણ ડિસ્ટર્બ થયા વગર. એ સાચો રસ્તો. સૉલ્યુશન લાવ્યા એ સાચો રસ્તો કર્યો કહેવાય. સમજાયું ને ?

આ તો નવી જ વાત !

ફરિયાદ કરવાને બદલે જેટલા એડજસ્ટમેન્ટ લેશો એટલી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે.

દા.ત. : રજાના દિવસે ટી.વી. પર પ્રોગ્રામ જોતા હોઈએ અને પાવર જતો રહે, તે વખતે ફરિયાદ કરવાના બદલે ફેમિલી સાથે વાતચીત કરીને અથવા ગેમ્સ રમીને એડજસ્ટમેન્ટ લેવાની ચૉઈસ કરીએ, તો પાવર વગર પણ ફેમિલી સાથે હળીમળીને રહેવાની શક્તિઓ વધે.



શિયાળા સાથે ઝઘડો કરો છો, કે તમે જૅકેટ પહેરીને ફરો છો ? એ જ રીતે ગમે તેવી પરિસ્થિતિ ભેગી થાય, એમાં આપણે એવું એડજસ્ટમેન્ટ લો કે આપણે દુઃખી ના થઈએ.
કોઈ ખાડામાં પડ્યા પછી રડારડ કરે કે, 'હું નકામો માણસ છું, મારામાં આવડત નથી', તો લોકો શું કહેશે ? બહાર નીકળો હવે. અને બીજી વખત ધ્યાન રાખજો. એટલે આમ રડવાને બદલે હિંમત કરીને બહાર નીકળી જવાનું.


AALOO CHILLY
તે દિવસે આલુ બહુ જ ટેન્શનમાં હતો. ચીલી એના ઘરે આવ્યો ત્યારે આલુ પરસેવે રેબઝેબ હતો. આલુના હાથમાં એક બુક હતી.
ચીલી, કાશ ઝોઈ કોઈ એવી ટેક્નોલૉજી શોધી કાઢે જેનાથી વાંચેલું બધું જ યાદ રહી જાય. તો પરીક્ષામાં કેવી મજા પડી જાય !
ઝોઈ તારી હેલ્પ નહીં કરી શકે. એ તો બીમાર છે. પણ મારી પાસે એક એવી રીત છે જેનાથી તારી યાદશક્તિ વધશે અને વાંચેલું બધું યાદ પણ રહી જશે.
જો, મને કલ્પટોપમાંથી યાદશક્તિ વધારવા માટે આ પ્રાર્થના મળી હતી.
પ્રાર્થના
‘હે અંતર્યામી પરમાત્મા ! હું આપને હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે, હું જે ભણું તે મને યાદ રહે એવી આપ મને શક્તિ આપો. મારી ચિત્તવૃત્તિના જે જે દોષો થયા હોય, તેની હું આપની પાસે ક્ષમા માગું છું. મારું ચિત્ત ભણવામાં એકાગ્ર રહે એવી આપ મને શક્તિ આપો, શક્તિ આપો, શક્તિ આપો.’
અને હા, વાંચેલું બધું યાદ રહે એના માટે ભણવાનું ચાલુ કરે એ પહેલા આટલું કરજે. એક જગ્યાએ સ્થિર બેસીને, આંખો બંધ કરીને, દસ મિનિટ માટે શબ્દેશબ્દ વંચાય એવી રીતે, ‘દાદા ભગવાનના અસીમ જય જયકાર હો’ બોલજે. આવું કરીને ભણવા બેસીશ તો તને બધું યાદ રહી જશે.
હું તો રોજ કરીશ. તમે બધા પણ કરશો ને ?

ચૅલેન્જ

દિયા એના મમ્મી-ડેડી સાથે હૉલ પર ટાઈમ કરતાં પહેલા જ પહોંચી ગઈ. એન્ટ્રન્સમાં એક મોટા પોસ્ટર પર દિયાનો હસતો ચહેરો ચમકી રહ્યો હતો. દિયાને બૅકસ્ટેજ મૂકીને મમ્મી-ડેડી બહાર મહેમાનોને મળવા ગયા. બૅકસ્ટેજમાં ઘણી ચહલપહલ હતી.

દિયાને જોઈને એક મેક અપ આર્ટિસ્ટ એની પાસે દોડી આવી, 'ચલ દિયા, થોડો મેક અપ કરી લઈએ?'

'ના, મારે જરૂર નથી', દિયાએ થોડું અચકાઈને કહ્યું.

'અફ કૉર્સ ડિઅર, તું એટલી સુંદર છે કે તારે મેક અપની બિલકુલ જરૂર નથી. પણ આપણે તારી સ્પીચ રેકૉર્ડ કરવાના છીએ. એટલે થોડો લાઈટ મેક અપ કરી લઈએ ?' દિયા માની ગઈ.

પહેલીવાર દિયા સ્ટેજ પર જઈને લાઈવ ઑડિયન્સને સ્પીચ આપવાની હતી. બાર વર્ષની દિયાને જ્યારે 'ઈન્સપાયર ધ યૂથ' કંપનીએ એનો અનુભવ શેર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, ત્યારે દિયાએ તરત સ્વીકારી લીધો હતો. આજે જ્યારે લગભગ પાંચસો યુવકો અને એમના વાલી સામે જઈને એને વાતો કરવાની હતી, ત્યારે એ બિલકુલ શાંત અને સ્થિર હતી. આમ પણ, ડર્યા વગર ચૅલેન્જીસ સ્વીકારવી, એ દિયાની ખાસિયત હતી.



મેક અપ થઈ ગયો પણ સ્ટેજ પર જવાની વાર હતી.

'હું થોડીવાર બહાર ખુલ્લામાં બેઠી છું. ટાઈમ થાય એટલે મને બોલાવી લેશો ?' દિયાએ આયોજકોને કહ્યું.

બહાર જઈને દિયાએ આકાશ તરફ નજર કરી. આથમતા સૂરજના કિરણો દિયાના ચહેરાને ચમકાવી રહ્યા હતા. આકાશમાં ઊડતા પંખીઓ તરફ જોઈને, દિયાના મનમાં ફરી એ દિવસ

તાજો થઈ ગયો અને આઠ મહિના પહેલાની એ સવાર એને ફરી યાદ આવી ગઈ.

તે દિવસે સવારે વહેલા ઊઠીને એ પોતાની હૉટલ રૂમની બાલ્કનીમાં દોડી ગઈ. એણે આકાશ તરફ નજર કરી અને એના ચહેરા પર એક મોટી સ્માઈલ આવી ગઈ. એ બોલી ઊઠી, 'આજે તો હું ખુલ્લા આકાશમાં ઊડવાની છું.' ફટાફટ તૈયાર થઈને એ હૉટલના બ્રેકફાસ્ટ એરિયામાં ગઈ.

'કેટલી વાર છે મમ્મી-ડૅડી ? આપણને મોડું થઈ જશે.' દિયાનો ઉત્સાહ સમાતો નહોતો.

'નહીં થાય મોડું. શાંતિથી નાસ્તો કરી લે.' મમ્મીએ કહ્યું.

પણ દિયાને તો જેમ બને તેમ જલદી પૅરાગ્લાઈડિંગની જગ્યાએ પહોંચવું હતું.

ત્યાં પહોંચીને જ્યારે દિયાએ કૉસ્ચ્યૂમ પહેર્યો ત્યારે એનાથી પોતાની ખુશી કંટ્રોલ નહોતી થઈ રહી. નાનપણથી પૅરાગ્લાઈડિંગ કરવાનું દિયાનું સપનું હતું. પણ બાર વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે તે કરવાનું અલાઉડ નહોતું. એટલે જેવા બાર વર્ષ પૂરા થયા કે દિયાએ ખૂબ મહેનત કરીને પોતાના પેરેન્ટ્સને પૅરાગ્લાઈડિંગની પરવાનગી આપવા માટે મનાવી લીધા.

તે દિવસે આકાશ વાદળિયું હતું. આમ તો પૅરાગ્લાઈડિંગ માટે આવું વાતાવરણ થોડું જોખમી ગણાય, પણ દિયાને સહેલી વાતો તો ક્યાં ગમતી હતી ? એને તો ચૅલેન્જીસ ગમતી હતી. થોડીક જ વારમાં દિયા એના ટ્રેનર સાથે આકાશમાં ઊંચે ઊંચે ઊડી રહી હતી.

તે ક્ષણોમાં દિયાને લાગ્યું જાણે એ એક મુક્ત પંખીની જેમ ઉડાન ભરી રહી છે. આકાશમાં વાદળો વચ્ચે તરી રહી છે. એ ગાવા લાગી, 'આજ મૈં ઉપર, આસમાઁ નીચે... આજ મૈં આગે, ઝમાના હૈ પીછે...'

ત્યાં તો પાછળથી કોઈએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું, 'રેડી ? સ્ટેજ પર જવાનો ટાઈમ થઈ ગયો છે.'

દિયા ભૂતકાળની યાદોને ખંખેરીને વર્તમાનમાં પાછી આવી.

એણે પોતાની વ્હીલચેરને સ્ટેજ તરફ ફેરવી. હા, તે દિવસે પૅરાગ્લાઈડિંગ કરતી વખતે

અચાનક હવામાન અને પવનની દિશા બદલાતા, દિયાનો મોટો ઍક્સિડન્ટ થઈ ગયો હતો. અને એ વ્હીલચેરથી બંધાઈ ગઈ હતી.

દિયાએ સ્ટેજ પર પહોંચીને પોતાની ઓળખાણ આપી અને પછી રિમોટ કંટ્રોલથી સ્ટેજની પાછળ મૂકેલી મોટી સ્ક્રીન પર એક સ્લાઈડ દેખાડી. સ્લાઈડ પર બે નંબર્સ લખ્યા હતા.

૧૦% અને ૯૦%

દિયાએ પ્રેક્ષકોની સામે નજર કરીને કહ્યું, 'ઍક્સિડન્ટ પછી લગભગ પચ્ચીસેક દિવસ હૉસ્પિટલમાં ગાળ્યા પછી જ્યારે હું ઘરે આવી ત્યારે સાવ ભાંગી ચૂકી હતી. મારું મનોબળ તૂટી ગયું હતું. એક દિવસ ઈન્ટરનેટ પર કંઈક સર્ચ કરતા કરતા મને ચાર્લ્સ સ્વીન્ડોલ નામના લેખકનું એક વાક્ય જડ્યું. એમણે કહ્યું છે કે, **'Life is 10% what happens to you and 90% how you react to it.'**

એટલે કે, લાઈફમાં તમારી સાથે જે થાય છે એનું મહત્ત્વ ફક્ત ૧૦% છે અને જે થાય છે તેમાં તમે શું કરો છો એનું મહત્ત્વ ૯૦% છે.

નાનપણથી મને એક પંખીની જેમ પાંખો જોઈતી હતી. ડિસ્કવરી અને નેશનલ જિઓગ્રાફિક મારી ફેવરિટ ટી.વી. ચેનલ્સ હતી. મને એડ્વેન્ચર ખૂબ ગમતું હતું. અને એટલે જ મારે પૅરાગ્લાઈડિંગ કરવું હતું, નાનપણથી મને એક બીજો શોખ પણ હતો. ચૅલેન્જીસ સ્વીકારીને એમાંથી પાર નીકળવું.

તે દિવસે પૅરાગ્લાઈડિંગ કરતા કરતા આ પંખીની પાંખો કપાઈ ગઈ. ચાર્લ્સ સ્વીન્ડોલના વાક્ય પરથી મને એવું સમજાયું કે ઍક્સિડન્ટ

તો થઈ ચૂક્યો છે. પણ હવે મારે શું કરવું એ મારા ઉપર છે. હું બેસીને રડ્યા કરું અથવા આ મુશ્કેલીને ચૅલેન્જ તરીકે સ્વીકારીને એમાંથી હસતા હસતા પાર નીકળી જઉં. મેં બીજો ઑપ્શન પસંદ કર્યો.

હા, આ ઑપ્શન સહેલો નથી. કેટલાય દિવસો એવા જાય છે જ્યારે મને રડવું આવી જાય છે, હું દુઃખી થઈ જઉં છું. પણ પછી વિચાર આવે કે જે થયું, એના કરતાં પણ કેટલુંય વધારે ખરાબ થઈ શક્યું હોત. મારી પાસે કેટલું બધું છે જેનાથી હું ખુશ રહી શકું. હું કેવા સરસ પરિવારમાં જન્મી છું, મારા મમ્મી-ડૅડી મારું કેટલું બધું ધ્યાન રાખે છે. અને બસ, આ બધું વિચારીને હું પાછી ખુશ થઈ જઉં છું. અને મારું મન ભણવામાં અને મ્યુઝિકની હોબીમાં પરોવી દઉં છું.

આખો હૉલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો.

'અને હા, બસ એક છેલ્લી પણ બહુ જ અગત્યની વાત કહેવાની તો રહી ગઈ.' દિયા આગળ બોલી, 'ડૉક્ટરે મને કહ્યું છે કે, ૩૦ ટકા ચાન્સ છે કે સાત-આઠ મહિનામાં હું પહેલાની જેમ ચાલી શકીશ. સ્કૂલમાં તો ૩૦ ટકાએ નાપાસ થવાય, પણ મને ખાતરી છે કે આ ૩૦ ટકામાં હું ચોક્કસ પાસ થઈ જઈશ અને નેક્સ્ટ ટાઈમ જ્યારે તમને મળીશ ત્યારે ચાલીને સ્ટેજ પર આવીશ !'

હૉલમાં ફરી એકવાર જોરદાર તાળીઓ પડી.

પોતાનો અનુભવ યુવકો સાથે શેર કરીને વ્હીલચેરમાં હોવા છતાંય આજે ફરી દિયાને ખુલ્લા આકાશમાં ઊડતા મુક્ત પંખી જેવો અનુભવ થયો.

ઝોઈને ફોટોગ્રાફી કરવાનું બહુ જ ગમે. એટલે જ્યારે ડીડીમા જંગલમાં 'ફોટોગ્રાફી કોન્ટેસ્ટ' જાહેર થઈ ત્યારે એણે બહુ જ મહેનત કરીને એનો જૂનો કૅમેરા અપગ્રેડ કર્યો. સવારે વહેલા ઊઠીને, રાત્રે મોડે સુધી જાગીને, ડીડીમા જંગલમાં જુદી જુદી જગ્યાએ જઈને મસ્ત મજાના ફોટોઝ લીધા. પણ કોન્ટેસ્ટમાં એના ફોટોઝને કોઈ પ્રાઈઝ ના મળ્યું.

ઝોઈ એટલી બધી નિરાશ થઈ ગઈ કે એણે કૅમેરા ઊંચો મૂકી દીધો. રડી રડીને એને તાવ આવી ગયો. જીફફી, રીઝો અને થીઓ જ્યારે ઝોઈને મળવા આવ્યા ત્યારે એ એની ફેવરિટ 'હેરી પોટર' બુક વાંચી રહી હતી. પોતાના ફ્રેન્ડ્સને જોઈને ઝોઈ ફરી રડવા લાગી. જીફફીએ ઝોઈને એનું ટિસ્યૂ આપ્યું.

રીઝો : ઝોઈ, તને ખબર છે કે 'હેરી પોટર' કોણે લખી છે ?

ઝોઈ : હાસ્તો. જે.કે રોલિંગે.

રીઝો : હં... જોએન કે. રોલિંગ. જોએનની લાઈફમાં જ્યારે અડચણો આવી, ત્યારે એમણે તારી જેમ નિરાશ થઈને રડવાનું ચૂઝ કર્યું હોત તો આપણને 'હેરી પોટર' બુક્સ ક્યારેય ના મળી હોત !

ઝોઈ : એમની લાઈફમાં પણ નિષ્ફળતાઓ આવી હતી ?

રીઝો : હા, ઘણી બધી. જોએનને નાનપણથી જ લેખક બનવું હતું. પાંચ વર્ષની ઉંમરે એણે એની પહેલી વાર્તા લખી હતી. ઈંગ્લિશ એનો મનપસંદ વિષય હતો, પણ એ ગણિતમાં કાચી હતી.

સ્કૂલના પહેલા દિવસે ગણિતના ટીચરે એક ટેસ્ટ લીધી, જેમાં જોએનને ઝીરો માર્ક્સ મળ્યા. ટીચરે જોએનને ક્લાસરૂમની જમણી બાજુ બેસાડી દીધી. હોંશિયાર વિદ્યાર્થીઓને ટીચર ક્લાસરૂમની ડાબી બાજુ બેસાડતા અને બાકી બીજા બધાને જમણી બાજુ. ક્લાસના છોકરાંઓ જોએનને 'રોલિંગ પીન' એટલે કે 'વેલણ' કહીને ચીડવવા લાગ્યા.

પણ, જોએને નિરાશ થઈને હાર ના માની. એણે આખું વર્ષ ખૂબ મહેનત કરી

અને વર્ષના અંતે સારા માર્ક્સ મેળવ્યા.

ભણી લીધા પછી જોએને ઘણી બધી જૉબ કરી. પણ એને સહુથી વધારે ખુશી સ્ટોરીઝ લખવામાં મળતી હતી. એક વખત ટ્રેન મુસાફરીમાં જોએનને 'હેરી પોટર' સ્ટોરીનો આઈડિયા આવ્યો. જોએને 'હેરી પોટર'ની દુનિયા બનાવવાની શરૂઆત કરી. એ જ અરસામાં જોએનના મમ્મી ગુજરી ગયા.

જોએન ખૂબ દુઃખી થઈ ગઈ. પણ એણે દુઃખી થઈને બેસી રહેવાનું પસંદ ના કર્યું. એક સ્કૂલમાં ટીચર તરીકે જૉબ લઈને, ફ્રી ટાઈમમાં એ 'હેરી પોટર'ની સ્ટોરી લખતી રહી. જોએનની લાઈફમાં બહુ જ પ્રૉબ્લેમ્સ આવ્યા. એ પ્રૉબ્લેમ્સમાં પણ એ હેપ્પી રહેવાનું શોધી લેતી. ખબર છે કેવી રીતે ? 'હેરી પોટર'ની વાર્તા લખીને. જ્યારે 'હેરી પોટર'ની પહેલી બુક લખાઈ ગઈ, ત્યારે કોઈ પ્રકાશક એની બુક છાપવા માટે તૈયાર નહોતા. ત્યારે પણ જોએને હાર ના માની. એ મહેનત કરતી ગઈ.

આખરે, થોડા સમય પછી એક પ્રકાશકે જોએનની બુક છાપી. દુનિયાભરમાં બાળકોને 'હેરી પોટર'ની સ્ટોરી જબરદસ્ત ગમી ગઈ. અને થોડા જ સમયમાં જોએન કે. રોલિંગ વિશ્વની સહુથી સફળ લેખિકાઓમાંની એક બની ગઈ.

રીઝોની સ્ટોરી પતી ત્યારે જીફ્ફીની આંખમાં પણ આંસુ આવી ગયા.

થીઓ : ફેલ થવું એ આપણી ચૉઈસ ના હોઈ શકે. પણ ફેલ થયા પછી હારીને બેસી રહેવું કે પછી ઊઠીને ફરી મહેનત કરવી, એ તો આપણી ચૉઈસ છે ને ?

ઝોઈએ ઉપર ચઢાવેલો કૅમેરા નીચે ઉતાર્યો અને બધા ફ્રેન્ડ્સ સાથે એક 'હેપ્પી સેલ્ફી' લીધી.

રાઈટ ચોઈસ
બે મોટા ડુંગરો તોફાની નદીથી ગ્રીનલૅન્ડ ગામનું રક્ષણ કરતા હતા.
એક દિવસ,
સાંભળ્યું છે કે ડુંગરો નાના થઈ રહ્યા છે.
શું ? એ તો શક્ય જ નથી.
પણ એ વાત હકીકત હતી. હાથીએ ગ્રીનલૅન્ડના બધા જ પ્રાણીઓને ભેગા કર્યા.
વર્ષોથી જે નથી થયું, એ થઈ રહ્યું છે. ડુંગરો રહસ્યમય રીતે સંકોચાઈ રહ્યા છે.

આ ચોક્કસ પેલા રાક્ષસોનું કામ છે. મેં સાંભળ્યું છે કે નદીને પેલે પાર રાક્ષસો રહે છે.
રાક્ષસો ? એમને તો કોણ રોકી શકશે ? હવે તો આપણો વિનાશ થશે જ !
આમ હાર કેવી રીતે સ્વીકારી લેવાય ? પ્રૉબ્લેમમાં તો આપણી ચૉઈસ ના હોય પણ...
પ્રૉબ્લેમ સામે કેવી રીતે લડવું, એમાં તો આપણી ચૉઈસ છે ને !
એટલે ?
એટલે કે આપણે હારીને, ડરીને બેસી જઈએ અથવા તો પ્રૉબ્લેમને સૉલ્વ કરીએ.
એ કેવી રીતે ?
મારી પાસે એક આઈડિયા છે. આપણે રાક્ષસોને તો રોકી નહીં શકીએ. પણ, ડુંગરોનું કામ આપણે બીજી રીતે કરી શકીએ.
એ તો કેવી રીતે પૉસિબલ છે ?
આપણે રેતીની થેલીઓ બનાવીએ અને નદીના પ્રવાહની સામે વાડ મૂકીએ.

શાબાશ !
બકવાસ આઈડિયા છે. આટલી બધી રેતીની થેલીઓ ક્યારે બનાવી રહીશું ? ત્યાં સુધી તો રાક્ષસો ડુંગરોને ખાઈ જશે.
જો ગ્રીનલૅન્ડનો દરેક પરિવાર કામ વહેંચી લેશે તો કામ ફટાફટ થઈ જશે.
બધાએ હરણની વાત માની લીધી. થોડા સમય સુધી બધાએ મળીને રેતીની થેલીઓ બનાવી.
એક રાત્રે,
મને તો બહુ ગભરામણ થાય છે. જો ક્યારેક નદીમાં પૂર આવ્યું તો આપણે શું કરીશું ?
હા, સાચ્ચે. રાક્ષસો ડુંગરો ખાઈ ગયા હશે તો ?
તે રાત્રે બેઉ ગ્રીનલૅન્ડ છોડીને ભાગી ગયા. વાત આખા ગ્રીનલૅન્ડમાં ફેલાઈ ગઈ, અને બધા જ ગભરાઈ ગયા.
રેતીની થેલીઓ તો લગભગ બની ગઈ છે. બસ, હવે આપણે જઈને ગોઠવવાની જ છે. આજે રાત્રે કામ ચાલુ કરી દઈએ.
આપણા માથે વધારે કામ આવી ગયું. હવે શું થશે ?

પણ રાત્રે રાક્ષસો આવી ગયા તો ?
આપણે બધા સાથે જ છીએ. પહોંચી વળીશું.
તે રાત્રે કામ કરતા,
અરે, આ શું ? તો તમે આ ડુંગરો ખાઈ રહ્યા હતા ?!
સૉરી, સૉરી. અમને મારતા નહીં. વરસાદમાં અમારા ઘર તૂટી ગયા છે. એટલે...
ગ્રીનલૅન્ડના બધા પ્રાણીઓ ત્યાં ભેગા થઈ ગયા.
અમે તમારા માટે ગ્રીનલૅન્ડમાં રહેવા અને ખાવા-પીવાની સગવડ કરી આપીએ તો ?
તો અમે પણ કામ કરીને તમારી મદદ કરીશું અને આ ડુંગરોને નુકસાન નહીં કરીએ.
વાહ ! પ્રૉબ્લેમ સૉલ્વ થઈ ગયો. ઘણીવાર પ્રૉબ્લેમ રાક્ષસ જેવો મોટો લાગે. પણ...
ગભરાયા વગર સૉલ્વ કરીએ તો ઉંદર જેવો નાનકડો નીકળે !

Summer Camp

બાળકો-યુવાનો માટે સંસ્કાર સિંચન શિબિર વર્ષ ૨૦૨૪

	Group D ૪ થી ૭ વર્ષ		Group C ૮ થી ૧૨ વર્ષ	
સેન્ટર	તારીખ	સંપર્ક નંબર	તારીખ	સંપર્ક નંબર
સીમંધર સીટી	૧૧ મે	૯૩૧૩૬૬૫૫૬૨	૧૨ મે	૯૩૧૩૬૬૫૫૬૨
અમદાવાદ	૨૧ એપ્રિલ	૮૧૪૧૩૭૭૮૩૩	૨૮ એપ્રિલ	૯૯૦૪૪૨૭૦૨૯
અમરેલી	-	-	૨૧ એપ્રિલ	૯૪૦૮૮૯૮૭૯૨
બરોડા	૫ મે	૯૭૭૩૪૯૦૩૭૩	૨૧ એપ્રિલ	૭૮૭૪૭૯૭૫૨૮
ભરૂચ	-	-	૨૮ એપ્રિલ	૮૩૨૦૭૧૦૬૮૮
ભાવનગર	૨૧ એપ્રિલ	૯૪૦૯૪૬૭૧૮૧	૧૨ મે	૯૭૨૭૨૦૮૭૦૮
ભુજ	૨૧ એપ્રિલ	૯૪૨૯૨૯૭૨૨૩	૫ મે	૯૭૧૨૮૫૯૨૦૧
ધોરાજી	-	-	૫ મે	૯૫૭૪૦૪૬૦૮૨
ગાંધીધામ	-	-	૭ મે	૯૪૨૮૩૧૦૭૮૭
જામનગર	૧૩ મે	૯૭૨૩૧૪૭૩૧૮	૨૧ એપ્રિલ	૯૭૨૩૧૪૭૩૧૮
જુનાગઢ	-	-	૧૨ મે	૭૯૮૪૩૧૩૩૯૭
મહેસાણા	૨૧ એપ્રિલ	૮૪૬૯૨૬૪૬૦૫	૨૮ એપ્રિલ	૯૪૨૭૬૫૦૩૮૨
મોરબી	૨૬ એપ્રિલ	૯૭૨૫૧૯૯૧૪૪	૨૧ એપ્રિલ	૯૯૭૮૬૩૩૦૩૫
મુંબઈ	૧૩,૧૪ એપ્રિલ	૮૬૫૨૮૯૦૦૬૬	૧૫ , ૧૬ એપ્રિલ	૯૮૬૭૯૮૯૨૦૨, ૯૩૨૩૪૮૦૨૬૨
પુના	-	-	૧૨ મે	૭૭૭૪૦૭૯૭૮૦
રાજકોટ	૨૮ એપ્રિલ	૮૮૪૯૦૪૩૩૬૨	૫ મે	૭૭૭૯૦૨૩૭૨૬
સુરત	૨૯ માર્ચ	૯૮૨૫૨૩૩૫૫૯	૨૪ માર્ચ	૯૫૭૪૦૦૮૪૯૮
વિજાપુર	-	-	૫ મે	૯૪૨૯૭૪૨૫૭૮
વેરાવળ	૭ મે	૮૯૮૦૪૮૩૬૮૩	૧૪ મે	૯૭૧૨૧૯૧૮૮૭
વલસાડ	-	-	૨૧ એપ્રિલ	૯૨૭૬૨૫૨૯૩૦

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઇ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૫ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

૩. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના 'સ્ટોર ઓફ હેપ્પીનેસ' પર સવારે ૧૦ થી બપોરનાં ૧૨:૦૦, સાંજે ૪:૦૦ થી ૬:૩૦ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઇ શકશે. આ રજીસ્ટ્રેશન ૧૦ એપ્રિલ થી શરૂ થશે. સંપર્ક સૂત્ર ૯૩૧૩૬૬૫૫૬૨

ચાલો રમીએ...

સસલાને તેના ઘર સુધી પહોંચવામાં મદદ કરો.

COLOR ME

આપેલા ફ્રુટ ગણી તેની સંખ્યા નીચે બતાવેલા તે ફ્રુટના સામેના ખાનામાં લખો

ફ્રુટના સામેના ખાનામાંની સંખ્યા પ્રમાણે બતાવેલા કલર એ ફ્રુટ માં ભરો.



૧ - પોપટી
૨ - કેસરી
૩ - વાદળી
૪ - લાલ
૫ - ગુલાબી
૬ - લીલો
૭ - પીળો

'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી – ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)
૧. પ્રકાશનનું સ્થળ : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામ : અંબા મલ્ટીપ્રિન્ટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : એચ બી કાપડિયા ન્યુ હાઈસ્કુલની સામે, છત્રાલ–પ્રતાપપુરા રોડ, છત્રાલ,
તા: કલોલ, ગાંધીનગર–૩૮૨૭૨૯
૪. પ્રકાશનનું નામ : મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : સીમંધર સીટી, અડાલજ, તા–જિ : ગાંધીનગર, ૩૮૨૪૨૧
૫. તંત્રીનું નામ : ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામ : મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮–૩–૨૦૨૪ અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2024
Year : 16, Issue : 07
Conti. Issue No.: 187

Date of Publication 8th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2024-2026
valid upto 31.12.2026
Licensed to Post Without
Pre-payment No. PMG/NG/040/2024-2026
valid upto 31.12.2026
Posted at Adalaj Post Office on 8th of every month

ચીલીને કલ્પટોપમાંથી યાદશક્તિ વધારવા માટે જે પ્રાર્થના મળી હતી તે શું તમને પણ જોઈએ છે?

તો રાહ શેની જુઓ છો... અત્યારે જ સ્કેન કરો.

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો WhatsApp કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

DBF • અડાલજ

Publisher, Printer & Editor - Dimple Mehta on Behalf of Mahavideh Foundation
Printed at Amba Multiprint, Opp. H B Kapadiya New High School, Chhtral-Pratappura Road, At-Chhatral, Tal. Kalol, Dist. Gandhinagar – 382729.